# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

1. બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનું આવતીકાલે મતદાન
2. યુવાનો અને વંચિત વર્ગોને સશક્ત બનાવવા માટે આગળ આવવા શહેરી સહકારી બેંકોને કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહનો અનુરોધ
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે લુઆન્ડામાં અંગોલાની સંસદને સંબોધી.
4. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, વર્ષ 2024-25ના કુલ સંરક્ષણ ઉત્પાદનમાં જાહેર ક્ષેત્રના સાહસોનો 71 ટકા ફાળો
5. ચિલીમાં યોજાનારા મહિલા જુનિયર હોકી વિશ્વ કપ માટે સુકાની જ્યોતિ સિંહ સહિત 20 સભ્યોની ટીમની જાહેરાત

………………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. DAY BIHAR POLLING

બિહારમાં, વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે 20 જિલ્લાના 122 મતવિસ્તારોમાં આવતીકાલે મતદાન યોજાશે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. આ તબક્કામાં, ભારત-નેપાળ સરહદ પર સ્થિત મતવિસ્તારો અને સીમાંચલ, મગધ, શાહબાદ, કોસી અને મિથિલાંચલના પ્રદેશોમાં મતદાન થશે.

મતદાન સવારે 7 વાગ્યે શરૂ થશે અને સાંજે 6 વાગ્યા સુધી ચાલુ રહેશે. જોકે, સુરક્ષા કારણોસર, સાત વિધાનસભા મતવિસ્તારો - ચૈનપુર, ગોવિંદપુર, રાજૌલી, જમુઈ, સિકંદરા, ચકાઈ અને ઝાઝા - માં મતદાન સવારે 7 થી સાંજે 5 વાગ્યા સુધી જ યોજાશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : DHARMENDRA-PATNA)

-------------

# JHARKHAND- BYE ELECTION

ઝારખંડમાં ઘાટશિલા વિધાનસભા બેઠક માટે આવતીકાલે યોજાનારી  મુક્ત અને ન્યાયી પેટાચૂંટણીઓની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. પેટાચૂંટણી માટે કુલ 13 ઉમેદવારો મેદાનમાં છે. જમશેદપુરમાં સ્થાનિક સહકારી કોલેજ ખાતે સ્થિત ડિસ્પેચ સેન્ટરમાંથી ચૂંટણી કર્મચારીઓ,

સુરક્ષા અધિકારીઓ અને મતદાન દળોને GPS-ફિટેડ વાહનોમાં તેમના સંબંધિત ક્લસ્ટર અને મતદાન મથકો પર મોકલવામાં આવ્યા છે.

-------------

## DAY. SHAH CO-OP KUMBH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, શહેરી સહકારી બેંકોએ મહત્વાકાંક્ષી યુવાનો અને સમાજના વંચિત વર્ગોને સશક્ત બનાવવા માટે આગળ આવવું જોઈએ. આજે નવી દિલ્હીમાં શહેરી સહકારી ધિરાણ ક્ષેત્ર પર આંતરરાષ્ટ્રીય પરિષદ, સહકારી કુંભ 2025નું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે કહ્યું કે, શહેરી સહકારી બેન્ક અને ધિરાણ મંડળીઓના રાષ્ટ્રીય મંડળ-NAFCUB અને શહેરી સંગઠનોએ નૈતિક માર્ગદર્શિકા જારી કરવી જોઈએ જેના આધારે દરેક શહેરી સહકારી બેંકે તેના નાણાકીય માળખાને ફરીથી ડિઝાઇન કરવું જોઈએ. ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના યુવા પેઢીને સહકારી સંસ્થાઓ સાથે જોડવા અને સહકારી ક્ષેત્ર માટે વ્યાવસાયિકો તૈયાર કરવા માટે કરવામાં આવી છે.

(બાઇટ : AMIT-SHAH---TRIBHUVAN-UNI)

શ્રી શાહે AMUL અને IFFCO ને આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણ વિશ્વ રેન્કિંગમાં ટોચના બે સ્થાનો પર સ્થાન મેળવવા બદલ અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે, અમૂલ દેશભરમાં 30 મિલિયન લિટર દૂધ એકત્રિત કરીને શ્વેત ક્રાંતિને આગળ ધપાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું IFFCO 93 લાખ ટન યુરિયા

અને DAP નું ઉત્પાદન કરીને દેશની હરિયાળી ક્રાંતિનો આધારસ્તંભ બની ગયું છે.

(બાઇટ : AMIT-SHAH---IFFCO)

-------------

## EVE PRESIDENT-ANGOLA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે લુઆન્ડામાં અંગોલાની સંસદને સંબોધી. સુશ્રી મુર્મુએ કહ્યું કે, અંગોલાની રાષ્ટ્રીય સભા અને તેના પ્રતિનિધિઓને સંબોધન કરવું ખૂબ જ ગર્વની વાત છે, તેમણે દેશની સ્વતંત્રતા સંગ્રામથી શાંતિ અને લોકશાહી સુધીની પ્રેરણાદાયી યાત્રાની પ્રશંસા કરી.

અંગોલાના રાષ્ટ્રપ્રમુખ જોઆઓ મેન્યુઅલ ગોન્કાલ્વેસ લોરેન્કોનો આમંત્રણ બદલ આભાર વ્યક્ત કરતા, સુશ્રી મુર્મુએ ભાર મૂક્યો કે 2025નું વર્ષ ખાસ મહત્વ ધરાવે છે કારણ કે તે ભારત અને અંગોલા વચ્ચે રાજદ્વારી સંબંધોની 40મી વર્ષગાંઠની સાથે સાથે અંગોલાની સ્વતંત્રતાની સુવર્ણ જયંતિ પણ ઉજવી રહ્યું છે. તેમણે કહ્યું કે, આ પ્રસંગો બંને રાષ્ટ્રો માટે પરસ્પર પ્રેરણાના સ્રોત તરીકે સેવા આપે છે.

(બાઇટ : PREZ-INDIA-ANGOLA)

-------------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

## REV. EVE. RAJNATH-DPSU BHAVAN

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે ભાર મૂક્યો હતો કે ભારતે વર્ષ 2024-25માં અંદાજે એક લાખ 51 હજાર કરોડ રૂપિયાનું સંરક્ષણ ઉત્પાદન હાંસલ કર્યું છે, જેમાં સંરક્ષણ જાહેર ક્ષેત્રના સાહસો કુલ ઉત્પાદનમાં 71.6 ટકા ફાળો આપે છે. નવી દિલ્હીમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે એક અત્યાધુનિક કેન્દ્રીય સુવિધા, સંરક્ષણ જાહેર ક્ષેત્રના સાહસોના ભવનનું ઉદ્ઘાટન કર્યા પછી શ્રી સિંઘે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે સંરક્ષણ નિકાસ 6 હજાર 695 કરોડ રૂપિયા સુધી પહોંચી છે, જે ભારતની સ્વદેશી પ્રણાલીઓમાં વૈશ્વિક વિશ્વાસ પર ભાર મૂકે છે.

-------------

## PM-BHUTAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ભૂટાનની બે દિવસની મુલાકાતે જશે. આ મુલાકાત બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની ચાલી રહેલી પરંપરા પર ભાર મૂકે છે અને તેનો ઉદ્દેશ્ય ભારત અને ભૂટાન વચ્ચે ખાસ મિત્રતા અને સહયોગને વધુ ગાઢ બનાવવાનો છે.

આ મુલાકાત દરમિયાન, શ્રી મોદી અને ભૂટાનના રાજા, જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક એક હજાર વીસ મેગાવોટ પુનાત્સંગચુ-II હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ભારત અને ભૂટાન દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી ભૂટાનના ચોથા રાજા, જિગ્મે સિંગ્ય વાંગચુકની 70મી જન્મજયંતિ નિમિત્તે સમર્પિત ઉજવણીમાં હાજરી આપશે અને તેમના સમકક્ષ ત્શેરિંગ ટોબગેને પણ મળશે.

-------------

## REV. COMMONWEALTH PARLIAMENTARY

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે કોહિમામાં નાગાલેન્ડ વિધાનસભા ખાતે રાષ્ટ્રમંડળ સંસદીય મંડળ-CPA, ઇન્ડિયા રિજન ઝોન-3 ના 22મા વાર્ષિક સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન સંબોધનમાં, શ્રી બિરલાએ કહ્યું કે ઉત્તર પૂર્વીય ક્ષેત્ર તેની સમૃદ્ધ સંસ્કૃતિ, વિવિધતા અને મજબૂત લોકશાહી મૂલ્યો માટે જાણીતું છે. તેમણે નોંધ્યું કે આ ક્ષેત્ર કનેક્ટિવિટી, માળખાગત સુવિધાઓ અને ઉભરતી તકોમાં સતત સુધારા સાથે એક જીવંત લોકશાહી તરીકે પ્રગતિ કરી રહ્યું છે. તેમણે સંસદના શિયાળુ સત્ર અંગે જણાવ્યું કે પહેલીથી 19 ડિસેમ્બર દરમિયાન યોજાનાર સંસદના શિયાળુ

સત્રમાં ધારાકીય કામગીરી, સરકારી નીતિઓ અને જાહેર મુદ્દાઓ પર અર્થપૂર્ણ અને વ્યવસ્થિત ચર્ચાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાશે.શ્રી બિરલાએ સંસદમાં શિસ્ત અને શિષ્ટાચાર જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો.

-------------

## INDIA-CHINA FLIGHT RESUME

ચીનના શાંઘાઈ ખાતેના ભારતીય કોન્સ્યુલ જનરલ, પ્રતીક માથુરે આજે નવી દિલ્હીથી આવનારા મુસાફરોના પ્રથમ જૂથનું સ્વાગત કર્યું. બંને દેશો વચ્ચે પાંચ વર્ષ પછી સીધી વાણિજ્યિક ફ્લાઇટ્સ સત્તાવાર રીતે ફરી શરૂ થઈ. ભારતીય કોન્સ્યુલેટે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, લોકો-થી-લોકોના સંબંધો વધુ મજબૂત થતાં ભારત એક વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. આ પગલું બે એશિયન પડોશીઓ વચ્ચે સામાન્ય મુસાફરી અને વેપાર સંબંધો પુનઃસ્થાપિત કરવામાં એક મહત્વપૂર્ણ પગલું છે. કોવિડ-૧૯ રોગચાળા અને ત્યારબાદ રાજદ્વારી તણાવને કારણે વર્ષ 2020થી ભારત અને ચીન વચ્ચે ફ્લાઇટ્સ સ્થગિત કરવામાં આવી હતી.

-------------

## FIH-HOCKEY

હોકી ઇન્ડિયાએ આજે 25 નવેમ્બરથી 13 ડિસેમ્બર દરમિયાન ચિલીમાં યોજાનાર આગામી આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન મહિલા જુનિયર હોકી વિશ્વ

કપ 2025 માટે 20 સભ્યોની ટીમની જાહેરાત કરી છે, જેમાં જ્યોતિ સિંહ ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. 20 સભ્યોની ટીમમાં 18 ખેલાડીઓ અને બે વૈકલ્પિક ખેલાડીઓનો સમાવેશ થાય છે. ભારતને જર્મની, આયર્લેન્ડ અને નામિબિયા સાથે પૂલ Cમાં મૂકવામાં આવ્યું છે. ટીમને ભારતીય કોચ અને ભૂતપૂર્વ ફિલ્ડ હોકી ખેલાડી તુષાર ખાંડકર તાલીમ આપશે.

-------------

## SRI LANKA ARRESTS FISHERMEN

તમિલનાડુના મયિલાદુથુરાઈ જિલ્લાના 14 માછીમારોની આજે શ્રીલંકાના નૌકાદળ દ્વારા ધરપકડ કરવામાં આવી. તેઓ 8મી નવેમ્બરે માછીમારી કરવા ગયા હતા અને કોડિયાકરાઈ નજીક માછીમારી કરી રહ્યા હતા ત્યારે શ્રીલંકાના નૌકાદળના જવાનોએ તેમની ધરપકડ કરી હતી. તેઓ જેમાં મુસાફરી કરી રહ્યા હતા તે હોડી પણ જપ્ત કરવામાં આવી હતી. બાર માછીમારો વનકિરાઈ ગામના હતા અને બાકીના કુડ્ડાલોર અને થરંગામ્બડીના હતા. રાજ્યના મત્સ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે માછીમારોને પરત લાવવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

-------------